# એડવાન્સ્ડ બી.એસ.સી. (ફિઝિક્સ)
## સમર પ્રોગ્રામ

**ક્વાર્ક્સ, બીગ બેન્ગ, ક્વોન્ટમ ઓપ્ટિક્સ, ઓઝોન છિદ્ર, ફ્યુઝન ઊર્જા**





**જો ભૌતિકશાસ્ત્રના આ બધા અને અન્ય મુદ્દાઓ તમને રસપ્રદ લાગતા હોય, તો આગળ વાંચો ...**

ભૌતિકશાસ્ત્ર એક એવું રસપ્રદ ક્ષેત્ર છે જેમાં આવા ઘણા બધા મુદ્દાઓના સંશોધનોનો સમાવેશ થાય છે. ભૌતિકશાસ્ત્રમાં સંશોધન કરવા માટે કેટલાક પાયાના વિષયો જેવા કે મિકેનીક્સ, વિદ્યુત ચુંબકત્વ, ક્વોન્ટમ મિકેનીક્સ, મેથેમેટિકલ ફિઝિક્સ વગેરેમાં ઊંડી સમજ કેળવવી જરૂરી છે.

ગુજરાત સાયન્સ એકેડેમી, ગુજરાત સાયન્સ સીટી અને વિક્રમ એ. સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે ખાસ કરીને બી.એસ.સી.ના દ્વિતિય વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ભૌતિકશાસ્ત્રના વિષયમાં એક વિશિષ્ટ ઉનાળુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

### વિશેષતા

- આ કાર્યક્રમ મે ૨૦૧૦માં ત્રણ અઠવાડિયા માટે યોજાશે.
- સંશોધન કરતી સંસ્થાઓના વૈજ્ઞાનિકો દ્વારા અભ્યાસક્રમ નક્કી કરવામાં તેમજ શીખવવામાં આવશે.
- દરરોજ વિદ્યાર્થીઓને ગૃહકાર્ય દ્વારા દાખલા ઊકેલવાનો મહાવરો કરાવવામાં આવશે.
- જરૂરી સંદર્ભ સામગ્રી પૂરી પાડવામાં આવશે.
- ભૌતિકશાસ્ત્રમાં કારકિર્દી માટે માર્ગદર્શન
- સંશોધન કરતી સંસ્થાઓની મુલાકાત
- પ્રખ્યાત વૈજ્ઞાનિકો દ્વારા વ્યાખ્યાનો
- પસંદગી પામેલા વિદ્યાર્થીઓને તેમની સિદ્ધિ બદલ પ્રમાણપત્રો
- આ કોર્સ દરમ્યાન વિદ્યાર્થીઓએ ફરજિયાતપણે કોર્સ સ્થળ પર જ રોકાવું પડશે. (સ્થળ નક્કી કરવાનું બાકી છે, વેબસાઈટ જુઓ)
- જમવાની, રહેવાની અને હરવા-ફરવાની સગવડ આપવામાં આવશે.

### યોગ્યતા

- સામાન્યતઃ આ કાર્યક્રમ બી.એસ.સી. (ફિઝિક્સ)ના દ્વિતિય વર્ષમાં ભણતા વિદ્યાર્થીઓ માટે છે, પરંતુ અન્ય વિષયો અને ડીગ્રીના વિદ્યાર્થીઓ પણ તેમના રસ આધારે આવી શકે છે.
- HSC અને બી.એસ.સી.ના પ્રથમ વર્ષના ગુણને આધારે ૨૫ વિદ્યાર્થીઓની પસંદગી થશે.
- રસ ધરાવતા વિદ્યાર્થીઓએ ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૦ પહેલા તેમની અરજી આપવાની રહેશે, જેમાં તેમણે તેમની પોતાની વિગતો લખવાની રહેશે અને સાથે જરૂરી માર્કશીટની નકલો તથા કોલેજ તરફથી રેફરન્સ લેટર બીડવાનો રહેશે.
- તેઓ આ કોર્સ શા માટે કરવા ઈચ્છે છે તેના પર આશરે ૨૦૦-૫૦૦ શબ્દોમાં અંગ્રેજી, હિન્દી કે ગુજરાતીમાં એક નિબંધ લખી અરજી સાથે મોકલવાનો રહેશે.
- વિદ્યાર્થીઓ આ સાથે વેબસાઈટ *www.ipr.res.in /~mani* પર મૂકેલા પ્રશ્નોના ઉત્તર પણ આપી શકે છે. આ પ્રશ્નોના ઉત્તર સિવાય અરજી સ્વીકાર્ય રહેશે પરંતુ ઉત્તરો પસંદગી પ્રક્રિયામાં થોડોક વધુ ફાળો આપશે.

---

આપની અરજીઓ અહીં મોકલવીઃ

**વિક્રમ એ. સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર**

ગુજરાત યુનિવર્સિટીની સામે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

ફોનઃ +૯૧-૭૯-૨૬૩૦૨૯૧૪, ૨૬૩૦૨૦૮૫ ઈ-મેઈલઃ info@vascsc.org વેબસાઈટઃ www.vascsc.org

---

GUJARAT SCIENCE ACADEMY

SCIENCE CITY AHMEDABAD

VIKRAM A SARABHAI COMMUNITY SCIENCE CENTRE